**મે.અમદાવાદ ખાતેના મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એ.એમ.શેખ સમક્ષ મુ.અમદાવાદ**
**બી.આઈ.આર.(ક્રીમીનલ)અરજી નં. ૩૩/૨૦૨૧**

**આંક : ૫**

**ફરીયાદી** : ધનીરામ ભાઈ,
નારોલ, અમદાવાદ.
C/o, ગુજરાત મજદુર પંચ,
૫/સી, જયઅંબે સોસાયટી, ભાર્ગવ રોડ,
કુબેરનગર, અમદાવાદ–૩૮૨૩૪૦.

**વિરુધ્ધ**

**તહોમતદારો** : (૧)શેઠશ્રી યાસીનભાઈ ઉર્ફે કચરાજી છીપા,
રાજેશ્રી ટેક્ષટાઈલ્સ મીલ,
સીકંદર માર્કેટ, રજઈવાળાની બાજુમાં,
ચંડોળા તળાવ પાસે, શાહઆલમ, અમદાવાદ.૨૮.
(૨)ફેકટરી મેનેજરશ્રી જગદીશ માસ્ટર,
રાજેશ્રી ટેક્ષટાઈલ્સ મીલ,
સીકંદર માર્કેટ, રજઈવાળાની બાજુમાં,
ચંડોળા તળાવ પાસે, શાહઆલમ, અમદાવાદ.૨૮

**ફરીયાદી તરફે** : વિ.પ્રતિનિધિશ્રી આર.આર.જોગી.
**તહોમતદારો તરફે** : કોઈ હાજર નથી.

**–: હુકમ :–**

આ કામે તહોમતદારોએ બી.આઈ.આર.એકટની કલમ–૧૦૧, ૧૦૨, ૧૦૬, ૧૦૭ મુજબ તથા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓનો ભંગ કરેલ હોય તે બદલ કાયદેસરની શિક્ષા કરવા તથા તહોમતદારો વિરુધ્ધ પ્રોસેસ કાઢી તહોમતદારો વિરુધ્ધ સદર કલમના ભંગ બાબતે સજા કરવાનો ન્યાયી હુકમ ફરમાવવા અને ખર્ચ અપાવવા ફરીયાદીએ દાદ માંગેલ છે. ત્યારબાદ ફરીયાદીને વેરીફીકેશન માટે હાજર રહેવા અનેક મુદતો આપવામાં આવેલ પરંતુ તેઓ હાજર ન રહેતા વેરીફીકેશન મુલત્વી રાખવામાં આવેલ અને ફરીયાદીને હાજર રાખવાની શરતે છેલ્લી મુદત મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદીના પ્રતિનિધિશ્રી તરફે આંક–૪ થી ઉપરોકત કામના ફરીયાદીની તકરારોને બાધ ન આવે તે રીતે અરજી પાછી ખેંચતા હોવાનુ જણાવતા હોય સદર પુરસીશ નોંધવામાં આવેલ છે. આમ, ફરીયાદીના પ્રતિનિધિ આંક–૪ ની વિડ્રો પુરસીશ મુજબ સદરહુ કેસ વિડ્રો કરતા હોય આજરોજ લોકઅદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

તારીખ : ૧૩–૫–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
CODE GJ01031
ન્યાયાધીશ,
લેબર કોર્ટ, અમદાવાદ.